# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

******************************************************

**1)** સરકારે ચાલુ સિઝનમાં લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદીનો લક્ષ્યાંક ૧૫ ટકા વધારીને ત્રણ કરોડ 45 લાખ ટન કર્યો

**2)** ગુજરાતમાં આવતીકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતદાન થશે

**3)** પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે પ્રચાર વેગવંતો બન્યો

**4)** ભારતીય રિઝર્વ બેંકે પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડનું બેંકિંગ લાઇસન્સ રદ કર્યું

**5)** ઈરાનના વિદેશ મંત્રી પોતાના પ્રતિનિધિમંડળ સાથે અમેરિકા સાથે વાટાઘાટો માટે પાકિસ્તાનના ઈસ્લામાબાદ પહોંચ્યા

6) IPL ક્રિકેટમાં આજે દિલ્હી કેપિટલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે દિલ્હીમાં જ્યારે રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે જયપુરમાં મુકાબલો

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા) **હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# GOVT-WHEAT MSP

સરકારે ચાલુ સિઝનમાં લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદીનો લક્ષ્યાંક ૧૫ ટકા વધારીને ત્રણ કરોડ 45 લાખ ટન કર્યો છે. ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે આ નિર્ણય એવા ખેડૂતોને મદદ કરવા માટે લેવામાં આવ્યો છે જેમના પાકને કમોસમી વરસાદથી નુકસાન થયું છે. ગઈકાલે નવી દિલ્હીમાં રોલર ફ્લોર મિલર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના વાર્ષિક ઘઉં સર્વેક્ષણમાં બોલતા શ્રી ચોપરાએ જણાવ્યું હતું કે રાજ્ય સ્તરે નવા ખરીદી લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે મધ્યપ્રદેશમાંથી એક કરોડ ટન, ઉત્તરપ્રદેશમાંથી અઢી કરોડ, રાજસ્થાનમાંથી 23 લાખ પચાસ અને ઉત્તરાખંડમાંથી પાંચ હજાર ટન ઘઉંની ખરીદી થવાની ધારણા છે.

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133મી કડી છે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# VOTING

ગુજરાતમાં આવતીકાલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન થશે. 9 હજાર 263 બેઠકો પર 25 હજાર 537 ઉમેદવારો મેદાનમાં છે. કુલ 48 હજાર 450 મતદાન મથકો પર યોજાનાર મતદાનમાં 4 કરોડ 8 લાખ 16 હજાર 713 મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

મતદાન મથકો પૈકી 14 હજાર 275 મતદાન મથકો સંવેદનશીલ અને 2 હજાર 196 મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર કરાયા છે. મતદાન પ્રક્રિયા દરમિયાન 2 લાખ 64 હજાર 715 ચૂંટણી સ્ટાફ અને 92 હજાર 583 પોલીસ કર્મચારી ફરજ પર રહેશે.ઉલ્લેખનીય છે કે આ ચૂંટણીમાં 736 બેઠકો બિન હરિફ જાહેર થઈ છે.

# VP-RAJASTHAN

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન આજે રાજસ્થાનના જયપુરમાં રાજસ્થાન યુનિવર્સિટીના 35મા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. તેઓ જયપુરમાં ભગવાન મહાવીર કેન્સર હોસ્પિટલ અને સંશોધન કેન્દ્ર દ્વારા આયોજિત 23મા કેન્સર સર્વાઈવર્સ દિવસ ઉજવણીમાં પણ ભાગ લેશે.

# GOVT-FERTILIZERS

રસાયણ અને ખાતર મંત્રાલયે જણાવ્યું છે કે સરકારના સક્રિય પ્રયાસોને કારણે દેશમાં તમામ ખાતરોની ઉપલબ્ધતા સ્થિર, સુવ્યવસ્થિત અને જરૂરિયાતો કરતાં વધુ છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર ખાતરની અછત અંગેના તાજેતરના દાવાઓ તથ્યો પર આધારિત નથી. એક અહેવાલ સાંભળીએ

**VC - MUKESH BAL**

# NADDA-FERTILIZER

રસાયણ અને ખાતર મંત્રી જે પી નડ્ડાએ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના આરોપને ફગાવી દીધો છે કે દેશમાં ખાતરની અછત છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી નડ્ડાએ કહ્યું કે શ્રી ખડગેનું નિવેદન ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનો રાજકીય પ્રયાસ છે. કેન્દ્ર સરકાર હંમેશા ખેડૂતોની સાથે મજબૂતીથી ઉભી રહી છે અને દેશમાં ખાતરની ઉપલબ્ધતા જરૂરિયાત કરતા વધુ રહી છે.

શ્રી ખડગેએ કહ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે દેશમાં ખાતરની અછત છે.

# REV EC-TN NO REPOLL

ચૂંટણી પંચે જણાવ્યું છે કે ગુરુવારે તમિલનાડુના તમામ 75 હજાર 64 મતદાન મથકો પર મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું અને ફરીથી મતદાનનું કોઈ કારણ નથી. રાજ્યની 234 વિધાનસભા બેઠકો માટે 85 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. આ વખતે મતદાનમાં વધારો ચૂંટણી પંચના જાગૃતિ અભિયાન અને 14 લાખ નવા મતદારોની નોંધણીને કારણે થયો હતો.

ભૂટાન, ઇજિપ્ત, મોરેશિયસ અને મોલ્ડોવાના પ્રતિનિધિઓએ મતદાન મથકોની મુલાકાત લઈ ચૂંટણી સંચાલનની પ્રશંસા કરી. મોરેશિયસના ઉચ્ચ કમિશનરે કહ્યું ભારત લોકશાહીના માર્ગ પર ચાલતી વખતે, વિશ્વને તેની ચૂંટણી પદ્ધતિઓ અને અનુભવો શીખવી રહ્યું છે

# WB-CAMPAIGN SCHEDULE

પશ્ચિમ બંગાળમાં, વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે પ્રચાર વેગવંતો બન્યો છે, મતદાન પહેલાના અંતિમ દિવસોમાં વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ શ્રેણીબદ્ધ રેલીઓ અને રોડ શો કરી રહ્યા છે. બીજા તબક્કાનું 29 એપ્રિલે થશે. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પૂર્વ બર્ધમાનના જમાલપુરમાં સેલીમાબાદ તરુણ સંઘ મેદાન અને હાવડાના શ્યામપુર ખાતે જાહેર સભાઓને સંબોધિત કરશે. તેઓ હાવડામાં રોડ શોમાં પણ ભાગ લેશે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ચૂંટણી રેલી કરશે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે. પી. નડ્ડા પૂર્વ બર્ધમાનના બાજેપ્રતાપુર ખાતે વિજય સંકલ્પ યાત્રાનું નેતૃત્વ કરશે.

બીજી તરફ, કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી આજે હુગલીના શ્રીરામપુર, કોલકાતાના શહીદ મિનાર અને મેટિયાબ્રુઝમાં રેલીઓ કરશે. તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જી બશીરહાટ અને કેનિંગ વેસ્ટમાં રેલીઓને સંબોધિત કરશે, ત્યારબાદ પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં બાલીમાં રોડ શો કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RBI-PAYTM LICENCE

ભારતીય રિઝર્વ બેંકે પેટીએમ પેમેન્ટ્સ બેંક લિમિટેડનું બેંકિંગ લાઇસન્સ રદ કરી બેંકને તાત્કાલિક અસરથી વ્યવસાયિક કામગીરી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રિઝર્વ બેંકે માર્ચ 2022માં બેંકને નવા ગ્રાહકો ઉમેરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. બેંક પર 2024 સુધી વધારાના વ્યવસાયિક પ્રતિબંધો પણ લાદવામાં આવ્યા છે, જેમાં કોઈપણ ડિપોઝિટ, ક્રેડિટ અથવા હાલના ગ્રાહક ખાતાઓ અને પ્રીપેડ સાધનોમાં ટોપ-અપ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# IRAN FM-US-PAK

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી ગઈકાલે મોડી રાત્રે પોતાના પ્રતિનિધિમંડળ સાથે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ પહોંચ્યા. પશ્ચિમ એશિયામાં સંઘર્ષનો અંત લાવવા માટે ઈરાન અને અમેરિકા વચ્ચે વાટાઘાટો ફરી શરૂ કરવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલી રહ્યા છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાકાઈ પણ વાટાઘાટોમાં ભાગ લેશે. શ્રી બાકાઈએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ઈરાનની ચિંતાઓ પાકિસ્તાન દ્વારા અમેરિકા સુધી પહોંચાડવામાં આવશે.

અમેરિકા પણ ઉકેલ માટે રાજદ્વારી પ્રયાસો કરી રહ્યું છે અને તેના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરના ઈસ્લામાબાદ આવવાની અપેક્ષા છે. વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે જણાવ્યું કે બંને પક્ષો વચ્ચે સીધી વાટાઘાટો થશે. તેમણે કયું કે ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સ વોશિંગ્ટનમાં રહેશે અને વિદેશ મંત્રીમાર્કો રુબિયો અને રાષ્ટ્રીય સુરક્ષા ટીમ સાથે સંકલન કરશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન અમેરિકાની માંગણીઓને પૂર્ણ કરવા માટે પ્રસ્તાવ મૂકવાની તૈયારી કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે ઈરાની શાસનમાં આંતરિક વિભાજનના સંકેતો છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે જ્યાં સુધી કોઈ કરાર ન થાય ત્યાં સુધી અમેરિકા ઈરાનના બંદરો પર નાકાબંધી ચાલુ રાખશે.

પાકિસ્તાન જતા પહેલા ઈરાનના વિદેશ મંત્રી અરાઘચીએ કહ્યું હતું કે તેઓ પ્રાદેશિક વિકાસ પર સલાહ લેવા માટે પાકિસ્તાન, ઓમાન અને રશિયાની યાત્રા કરી રહ્યા છે.

# MORN IPL-CRICKET

IPL ક્રિકેટમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગઈકાલે રાત્રે બેંગલુરુમાં ગુજરાત ટાઇટન્સને પાંચ વિકેટથી હરાવ્યું. બેંગલુરુએ 206 રનનો લક્ષ્યાંક 19મી ઓવરમાં હાંસલ કર્યો. વિરાટ કોહલીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

આજે દિલ્હી કેપિટલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે બપોરે સાડા ત્રણ વાગ્યે દિલ્હીમાં મુકાબલો થશે. રાજસ્થાન રોયલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ સાંજે સાડા સાત વાગ્યે જયપુરમાં એકબીજા સામે ટકરાશે.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

1. અને હવે આજના અખબરોના મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા
2. આજના અખબારોમાં સાંસદોના રાજકીય પક્ષ બદલાવાના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
3. ગુજરાત સમાચાર, સંદેશ અને દિવ્ય ભાસ્કર લખે છે કે, રાઘવ સહિત 7 સાંસદો AAPમાંથી ભાજપમાં.
4. ફૂલછાબ અને નવગુજરાત સમયે લખ્યું છે કે, રાઘવ, હરભજન સહિત 7 સાંસદો "આપ" છોડી ભાજપમાં.
5. અન્ય સમાચારોમાં ટ્રમ્પે વિટફોક, ઇરાને અરાઘચીને વાટાઘાટો માટે પાકિસ્તાન રવાના કર્યા, મેટા 20મે થી 8 હજાર કર્મચારીઓની છટણી કરશે, PAYTMને ઝટકો: પેમેન્ટ્સ બેન્કનું લાયસન્સ રદ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.
6. સ્થાનિક સમાચારોમાં જોઈએ તો પ્રચાર પૂર્ણ, કાલે 4.19 કરોડ મતદારો લખશે ઉમેદવારોનું ભાગ્ય, હેરોઇનનો 384 કરોડનો જથ્થો ઘૂસાડવાનો પ્રયાસ કરનાર 6 પાકિસ્તાનીને 20 વર્ષની સખત કેદ, સૌરાષ્ટ્ર-કચ્છના અનેક બંદરો પર ઈ-વિઝાથી પ્રવાસન્મા વૃધ્ધિ થશે, આકાશમાંથી વરસી આગ: રાજકોટ અને અમરેલીમાં પારો 43 ડિગ્રીને પર જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.